પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૬ | ૭ ફેબ્રુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હવે રાજ્ય ૨૪ કલાક વેપાર-ધંધાથી ધમધમશે

## હવે દુકાનો ૨૪ કલાક ખૂલ્લી રહેશે : શ્રમ રોજગાર વિભાગે કાયદામાં સુધારો કર્યો : શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટને કેબિનેટમાં મળી મંજૂરી

ગાંધીનગર,તા.૬

રાજ્યના વેપારીઓ માટે સારા સમાચાર છે. રાજ્ય સરકારે વેપારીઓ માટે મોટો નિર્ણય લીધો છે. હવેથી રાજ્યમાં ૨૪ કલાક દુકાન ખુલ્લી રાખી શકાશે, અને ધંધો કરી શકાશે. આ જાહેરાત નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલે કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વેપારીઓ સરકાર તરફથી આજે નાયબ મુખ્યપ્રધાન નિતીનભાઈ પટેલે મોટી જાહેરાત કરતા કહ્યું કે, રાજ્યમાં રિટેલ બજાર હવેથી ૨૪ કલાક ખુલ્લુ રાખી શકાશે. તેમણે કહ્યું કે, આ માટે શ્રમ રોજગાર વિભાગે કાયદામાં સુધારો કર્યો છે. આ નિર્ણય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો છે.

આગામી ૧૮મીએ ગુજરાત વિધાનસભાનું સત્ર મળશે. આ સત્ર રાજ્યપાલ ઓપી કોહલીના પ્રવચનથી આરંભ કરવામાં આવશે. વિધાનસભા સત્રમાં શ્રમ રોજગાર વિભાગનું શોપ એસ્ટેબલિશમેન્ટ એક્ટમાં સુધારા દર્શાવતું બિલ રજૂ કરવામાં આવશે. આજે આ મુદ્દે કેબિનેટની બેઠક મળી હતી, જેમાં વેપારીઓને ખેડૂતો માટે સરકાર દ્વાર મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

આ મુદ્દે વિગતવાર માહિતી આપતા નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરાકર દ્વારા ખેડૂતો, અને વેપારીઓ માટે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. જેને અગામી વિધાનસભા



સત્રમાં રજૂ કરી લાગુ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, શ્રમ રોજગાર વિભાગના શોપ એસ્ટેબલિશમેન્ટ એક્ટમાં સુધારા દર્શાવતપં બિલ ગૃહમાં લાવવામાં આવશે. જેમા મહત્વના સુધારા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમ કે અત્યાર સુધીમાં ૭ લાખ દુકાનદારો માટે દર વર્ષે રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત હતું, આ બિલમાં સુધારા બાદ દર વર્ષે રિન્યુ નહી કરાવવું પડે. માત્ર શરૂઆતના પ્રથમ વર્ષે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. એટલે કે દર વર્ષે રિન્યુ કરાવવામાંથી સરકારે મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે.

તેમણે વધુમા જણાવ્યું કે, કોઈ પણ દુકાનદારે અધિકારીને પત્ર દ્વારા ધંધો શરૂ કરવા બાબતે જાણ કરવાની રહેશે. આ સિવાય વેપારીઓ માટે બીજો એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે છે ૨૪ કલાક સુધી વેપાર-ધંધો કરવાની છુટ્ટી. અત્યાર સુધીમાં રાત્રીના ૧૨ વાગ્યા બાદ કાયદા મુજબ દુકાનો ખુલ્લી રાખી શકાતી ન હતી. નવા કાયદા મુજબ હવે ૨૪ કલાક ખાણી-પીણી સહિતની વગેરે દુકાનો ખુલ્લી રાખી શકાશે. જોકે આ મુદ્દે કેટલીક શરતો રહેશે.

મુખ્યપ્રધાને આ જાહેરાત કર્યા બાદ કહ્યું કે, ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખવાના કાયદાના કારણે રોજગારી વધશે.

● અનુસંધાન પાન-૭ પર

### રાહુલનું અભિયાન, 'અપની બાત રાહુલ કે સાથ'

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પોતાના નવા સંપર્ક અભિયાનને શરૂ કરવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત અને 'ભારત કી બાત, મોદી કે સાથ', ના તર્જ પર 'રાહુલ કે સાથ' નામથી એક કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવશે. તેમાં કોંગ્રેસ પ્રમુખનું લક્ષ્ય અલગ અલગ ક્ષેત્રોમાં કામ કરી રહેલા યુવાનો સાથે વધુમાં વધુ મુલાકાત કરવી અને સંબંધિત મુદાઓ પર ચર્ચા કરવાનું હશે.

# દિલ્હી સહિતના અનેક ભાગોમાં ભારે વરસાદ

## કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલમાં અતિ ભારે હિમવર્ષાની ચેતવણી : દિલ્હી-એનસીઆર અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં વરસાદના પરિણામે ઠંડીમાં વધારો

મુંબઈ, તા. ૬

દિલ્હી અને એનસીઆર સહિત દેશના અનેક ભાગોમાં ફરી જોરદાર વરસાદના કારણે કાતિલ ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. લોકોની હાલત કફોડી બની ગઈ છે. ઉત્તર ભારતમાં જોરદાર ઠંડી વચ્ચે મેદાની ભાગોમાં રહેતા લોકો છેલ્લા કેટલાક વર્ષની સૌથી વધારે ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. દિલ્હી અને એનસીઆર સહિત વિવિધ ભાગોમાં આજે સવારે જોરદાર વરસાદ થતા ચારેબાજુ અંધારપટ્ટની સ્થિતી છવાઈ ગઈ હતી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. હજુ ભારે હિમવર્ષા જારી રહેવાની પણ વાત કરવામાં આવી છે. જમ્મુ અને ખીણ પ્રદેશમાં



હિમવર્ષા અને વરસાદ પડ્યો છે. ભારે હિમવર્ષાના કારણે જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. શ્રીનગરમાં એક ડિગ્રી તાપમાન થયું છે જ્યારે પહેલગામ અને ગુલમર્ગમાં ક્રમશઃ માઈનસ ૦.૬, માઈનસ ૪.૬ ડિગ્રી તાપમાન રહ્યું છે. લડાખ વિસ્તારમાં લેહ ખાતે માઈનસ ૪.૩ ડિગ્રી તાપમાન રહ્યું છે. કારગિલમાં માઈનસ ૧૬ અને દ્રાસમાં માઈનસ ૬.૩ ડિગ્રી તાપમાન રહ્યું છે. જમ્મુ શહેરમાં ૧૧.૬ તાપમાન રહ્યું છે. કેટલાક વિસ્તારોમાં તો વરસાદ વચ્ચે અંધારપટ્ટની સ્થિતી સર્જાઈ ગઈ હતી. બીજી બાજુ જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

### મોદી ટ્રેન ૧૮માં બેસી દિલ્હીથી બનારસ જશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રેન ૧૮ એટલે કે વંદે ભારત એક્સપ્રેસના ઉદ્ઘાટન બાદ દિલ્હીથી બનારસ સુધી આ ટ્રેનમાં મુસાફરી કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પીએમ મોદી આઠ કલાક ટ્રેનના એક્ઝિક્યુટિવ ચેર કારમાં સફર કરશે. આ ટ્રેનમાં મોદીની સાથે રેલવેના અમુક અધિકારીઓ પણ હશે. ટ્રેન ૧૮ને વંદે ભારત એક્સપ્રેસ નામ આપવામાં આવ્યું છે. આ ભારતની સૌથી ઝડપી ટ્રેન છે.

## ન્યુઝ ટ્રેક

### પ્રિયંકા ગાંધીએ પદભાર સંભાળ્યો

તાજેતરમાં કોંગ્રેસના મહાસચિવ પદે આરૂઢ થનાર પ્રિયંકા ગાંધી વાડરા પાર્ટી કાર્યાલય પહોંચી હતી અને પદભાર સંભાળ્યો હતો. તેમની સાથે જ મહાસચિવ જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ પોતાનો પદભાર સંભાળ્યો છે.

### લોકપાલ અધ્યક્ષ અને સદસ્યો માટે આવેદનપત્રો મંગાવાયા

દેશભરમાં ભ્રષ્ટાચાર નિવારવા માટે બનાવવામાં આવનાર સંવેધાનિક સંસ્થા લોકપાલના અધ્યક્ષ અને સદસ્યોના પદો માટે આવેદનપત્રો મંગાવાયા છે. જસ્ટીસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતાવાળી લોકપાલ સર્ચ કમિટીએ આ આવેદનપત્રો મંગાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અયપ્પા મંદિરમાં મહિલાઓ પ્રવેશી શકશે : મંદિર બોર્ડ

અયપ્પા સ્વામી મંદિરમાં પ્રવેશ મામલે વિરોધ કરી રહેલા મંદિરના ત્રાવણકોર દેવાસમ બોર્ડે કહ્યુ છે કે મંદિર પ્રવેશના મામલે અમે સુપ્રિમ કોર્ટના નિર્ણયનો આદર કરીશુ. દરેક ઉંમરની મહિલાઓને મંદિરમાં પ્રવેશ અપાશે.

### વધુ એક ટીવી એક્ટ્રેસનો આપઘાત

તેલુગુ ટેલીવીઝનની જાણીતી એક્ટ્રેસ નાઝા ઝાંસીએ હૈદ્રાબાદ સ્થિત પોતાના ઘરે પંખે લટકી આપઘાત કરી લીધો છે. તેમના ભાઈ દુર્ગા પ્રસાદે આ જાણકારી આપી હતી. પ્રેમમાં નિષ્ફળતા મળતા એક્ટ્રેસે આપઘાત કર્યો હોવાનું મનાઈ રહ્યું છે.

### વર્ક પરમીટ વગર નેપાળમાં કામ નહી

નેપાળમાં કામ કરી રહેલા ભારતીય કારીગરો અને મજૂરો હવે વર્ક પરમીટ વગર નેપાળમાં કામ નહી કરી શકે. નેપાળ સરકારે વર્ક પરમીટ લાગુ કરી છે.

# મની લોન્ડરિંગ પ્રકરણમાં રોબર્ટ વાડ્રાની ઈડી દ્વારા લાંબી પુછપરછ

## રોબર્ટ વાઢેરા ૩.૪૭ વાગે ઇડીની ઓફિસમાં પહોંચ્યા બાદ પુછપરછ : રોબર્ટ વાઢેરાની પુછપરછથી રાજકીય ગરમી વધી છે : વાઢેરાની સાથે તેમના પત્નિ પ્રિયંકા વાઢેરા પણ પહોંચ્યા



નવીદિલ્હી, તા. ૬

મની લોન્ડરિંગ કેસના સંબંધમાં કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાઢેરાના પતિ રોબર્ટ વાઢેરાની આજે ઈડી દ્વારા આશરે દોઢ કલાક સુધી લાંબી પુછપરછ કરવામાં આવી હતી. વાઢેરાની સાથે તેમના પત્નિ પ્રિયંકા વાઢેરા પણ ઈડીની ઓફિસમાં પહોંચ્યા હતા. જો કે, તેઓ ગેટથી જ પરત ફર્યા હતા. ઈડીની ટીમે વાઢેરાને ઘણા બધા પ્રશ્નો કર્યા હતા. શનિવારના દિવસે દિલ્હીની કોર્ટે વાઢેરાની જામીન અરજીને ફગાવી દીધા બાદ મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેમની ધરપકડ ઉપર ૧૬મી ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ મુકી દીધો હતો. જો કે, કોર્ટે તપાસમાં સહકાર કરવા વાઢેરાને આદેશ કર્યો હતો. ઈડીને આજની તારીખે પુછપરછ કરવાની પણ મંજુરી આપવામાં આવી હતી. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા વિદેશમાં ગેરકાયદે સંપત્તિ રાખવાના સંબંધમાં મની લોન્ડરિંગ સાથે જોડાયેલા મામલામાં આજે ઈડી

# ટેક્સ રિટર્ન દાખલ કરવા માટે આધાર-પાન લિન્ક ફરજિયાત

## કેન્દ્રની અરજી ઉપર સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો ઇન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવાના સંદર્ભમાં વધુ સ્પષ્ટતા

નવી દિલ્હી, તા. ૬

સુપ્રીમ કોર્ટે આજે મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું હતું કે, ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરતી વેળા આધાર-પાન લિંકિંગ ફરજિયાત રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, આધાર સાથે પાનને લિંક કરવાની બાબત ઈન્કમ ટેક્સ દાખલ કરતી વેળા ફરજિયાત રહેશે. જસ્ટિસ એકે સિકરી અને જસ્ટિસ એસ અબ્દુલ નઝીરની બનેલી બેંચે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે પહેલાથી જ આ મામલે નિર્ણય કર્યો હતો અને હવે ઈન્કમ ટેક્સ એક્ટની કલમ ૧૩૯ એએને જાળવી રાખવામાં આવી છે. દિલ્હી હાઈકોર્ટના આદેશ સામે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે બે લોકો સામે આધાર અને પાન નંબર લિંક કર્યા વગર ૨૦૧૮-૧૯ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવાને મંજુરી આપ હતી.

# ખેડુત નિધીના પ્રથમ હપ્તા માટે આધાર ફરજિયાત રહેશે નહીં : બીજા હપ્તા માટે જરૂરી

નવી દિલ્હી,તા. ૬

પ્રધાનમંત્ર કિસાન સન્માન નિધી (પીએમ કિસાન) સ્કીમના પ્રથમ હપ્તાની રકમ મેળવી લેવા માટે આધારને ફરજિયાત ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે સત્તાવાર દસ્તાવેજોના કહેવા મુજબ હવે બીજા હપ્તાની રકમ મેળવી લેવા માટે આધાર કાર્ડ જરૂરી રહેશે. યોજના હેઠળ ખેડુતોને આપવામાં આવનાર૫ આવક સહાયતા રકમના પ્રથમ હપ્તાની રકમ મેળવી લેવા માટે ખેડુતો તૈયાર છે. ખેડતોને પ્રથમ હપ્તાની રકમ આ મહિનામાં જ ચુકવી દેવામાં આવનાર છે. બીજા સરકારી ઓળખપત્રને પણ માન્ય ગણવામાં આવનાર છે. કેન્દ્રિય કૃષિ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ખેડુતોને આપવામાં આવનાર પ્રથમ હપ્તાની ચુકવણી વેળા પ્રમાણિતતાની ખાતરી કરવા માટે ખેડુતની પાસે આધાર કાર્ડ જરૂરી નથી. અન્ય દસ્તાવેજોને પણ માન્ય ગણવામાં આવનાર છે. આધાર કાર્ડ ન હોવાની સ્થિતીમાં ખેડુત સરકાર દ્વારા આપવામાં આવેલા બીજા ઓળખ પત્રને રજૂ કરી શકશે. જેમાં ડ્રાઈવિંગ લાયસન્સ, મનરેગા કાર્ડ, મતદાર કાર્ડ પણ સામેલ છે.

# જીસેટ-૩૧નું સફળ લોચીંગ

## ભારતની વધુ સિદ્ધિ વહેલી પરોઢમાં જીસેટ-૩૧ લોંચ થયા બાદ ૪૨ મિનિટ પછી જીઓ ટ્રાન્સફર ભ્રમણ કક્ષામાં સેટેલાઇટ ગોઠવાયું :ઇન્સેટ-૪સીઆરની જગ્યા લેવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૬

ભારતીય સ્પેસ રિસર્ચ સંસ્થા (ઈસરો)એ ૪૦માં કોમ્યુનિકેશન સેટેલાઈટ જીસેટ-૩૧ને આજે સફળરીતે લોંચ કરવામાં આવતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આ લોંચ ફ્રેન્ચ ગુયાનામાં સ્થિત યુરોપિયન સ્પેસ સેન્ટરથી ભારતીય સમય મુજબ બુધવારના દિવસે રાત્રે ૨-૩૧ વાગે લોંચ કરવામાં આવ્યા બાદ ૪૨ મિનિટના ગાળા બાદ આ સેટેલાઈટ તેના નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં ગોઠવાઈ જતા વૈજ્ઞાનિકોએ રાહત અનુભવી હતી. જીસેટ-૩૧નું વજન ૨૫૩૫ કિલોગ્રામ છે અને આ સેટેલાઈટની અવધિ ૧૫ વર્ષની છે. આ સેટેલાઈટ ભારતના સૌથી જુના ઈન્સેટ-૪ સીઆરનું સ્થાન લેશે. ફ્રેન્ચ ગુયાનામાં ઈસરો તરફથી ઉપસ્થિત રહેલા સતિષ ધવન સ્પેશ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



જીવન એવું જીવી ગયા
કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે
અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ,
જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી
થઈ વિદાય,યાદ અમારા
દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના
દિવ્ય આત્માને પરમ
શાંતિ અર્પે એજ પ્રાર્થના

સ્વ. વિનોદભાઈ વી. રાજપૂત
સ્વ.તા.૭-૦૨-૨૦૧૮

લિ. અનિલ વી. રાજપૂત
(વ્યવસ્થાપક, ખાદી ગ્રામો. ભવન, ગાંધીનગર)
દિપક વી. રાજપૂત    રાજેન્દ્રસિંહ વી. રાણા
કમલ વી. રાજપૂત    દિપાબા આર. રાણા
મનોજ વી. રાજપૂત
તથા સમસ્ત રાજપૂત પરિવાર

જાહેર આભાર

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ રચિત અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા આયોજીત વિશ્વ ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણમાં અભૂતપૂર્વ સફળતા અપાવવા બદલ દાતાશ્રીઓ, મહાનુભાવો, ઉમિયા પરિવારોનો, તમામ ધાર્મિક - સામાજીક સંસ્થાઓ, મિડિયા, સર્વે નગરજોનોન હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ...

''ઉમિયા માતાજી સૌની મનોકામના પૂર્ણ કરે''

લિ.
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર